# ઓનલાઈન કામચલાઉ  પદવી પ્રમાણપત્રની અરજી કરવા માટેની માહિતી

## ઓનલાઈન આવેદનપત્ર ભરતા પહેલા નીચે દર્શાવેલ સ્કેન કરેલા documents તૈયાર રાખવા ખૂબ જ જરૂરી છે.

(૧) માર્કશીટ(250 KB to 500KB)  (૨) ફોટો(up to 100 KB)  (૩) સહી (up to 100KB)

(૪) ઈન્ટર્નશિપ સર્ટીફીકેટ (મેડીકલ/હોમીયોપેથી વિદ્યાશાખા માટે) (100 KB to 500KB)

(૫) કોલેજ દ્વારા અપાયેલ બોન્ડ ફ્રી સર્ટીફિકેટ (મેડીકલ વિદ્યાશાખા એમબીબીએસ, એમ.એસ., એમ.ડી.માટે) (100 KB to 500KB)

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નું ઓનલાઈન કામચલાઉ પદવી પ્રમાણપત્રની અરજી કરવા માટે સૌ પ્રથમ વેબબ્રાઉઝરમાં નીચેનું એડ્રેસ એન્ટર કરો.

http://degree.saurashtrauniversity.edu

અથવા

http:// www.saurashtrauniversity.edu

==> Online Degree Forms

૨. અરજી ના કરેલ હોય તો નીચેના માંથી કોઈપણ એક યોગ્ય બટન પર ક્લીક કરો.







૩. જો તમે ઓનલાઈન અરજી કરેલ હોય તો લોગીન કરો



૪. બટન પર ક્લીક કર્યા પછી નીચે પ્રમાણેની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કામચલાઉ પદવી પ્રમાણપત્ર મેળવવા અંગે ના નિયમો અને સૂચનાઓ જોવા મળશે.

૫. નિયમો/ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચી તમારી સંમતિ માટે "I Agree/હું સહમત છું." એ બટન પર ક્લીક કરો.





૬. ત્યારબાદ કામચલાઉ પદવી પ્રમાણપત્રનું ફોર્મ ઓપન થશે એ ફોર્મમાં લાલ કલરના * (ચિહ્ન) વાળી બધી જ વિગત ભરવી ફરજીયાત છે.

- સૌ પ્રથમ અરજદારે પોતાની અટક, નામ, પિતાનું નામ/પતિનું નામ, માતાનું નામ લખો
- જે તે વિધાશાખા સિલેક્ટ કરવી.
- અરજદારે પોતાની પદવી પરીક્ષા સિલેક્ટ કરવી.જો અરજદારની પોતાની પાસ કરેલ પદવી પરીક્ષા સિલેક્ટ બોક્ષમા ન હોય તો Other સિલેક્ટ કરવાનું અને નીચે ખુલેલા બોક્ષમાં પોતાની પાસ કરેલ પદવી પરીક્ષા લખવી.
- અરજદારે પોતાનો બેઠક ક્રમાંક લખવો.
- જો અરજદારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માં પ્રથમ વખત કામચલાઉ પદવી પ્રમાણપત્ર માટે અરજી કરતો હોય તો "First" લખેલું ચેકબોક્ષ ટીક કરવું અન્યથા "Second" લખેલું ચેકબોક્ષ ટીક કરવું.
- અરજદારે જે કોલેજમાં અભ્યાસ કરેલ હોય તે કોલેજ સીલેક્ટ કરવી.
- અરજદારે પોતાનો લેન્ડલાઈન નંબર અને મોબાઈલ નંબર લખવો. મોબાઈલ નંબર માટે " હું,મને મેસેજ મોકલવા માટે સંમતી આપું છું." એ ચેકબોક્ષ ટીક કરવું ફરજીયાત છે.
- અરજદારને email દ્વારા કામચલાઉ પદવી પ્રમાણપત્ર મેળવવું હોય તો પોતાનું ઈ-મેઈલ એડ્રેસ લખવું ફરજીયાત રહેશે.
- અરજદારે પાસ કરેલ પરીક્ષામાં મેળવેલ વર્ગ સિલેક્ટ કરવો
- જે ઉમેદવારે પોતાનો વિષય પસંદ કરવાનો થતો હોય તેઓએ મુખ્ય વિષય સિલેક્ટ કરવો અને ત્યારબાદ વૈકલ્પીક વિષય સિલેક્ટ કરવો અને જો અરજદાર નો મુખ્ય વિષય સિલેક્ટ બોક્ષ માં ના હોય તો Other સિલેક્ટ કરવું અને નીચે આપેલ બોક્ષમાં પોતાનો મુખ્ય વિષય લખવો.
- અરજદારે એનું કાયમી સરનામું લખવું એ સરનામાં પર પત્રવ્યવહાર થઈ શકે.
- અરજદારે પોતાનો રાજ્ય, જીલ્લો, તાલુકો, ગામ અને પીન નંબર લખવા. આ માંથી કોઈ પણ સિલેક્ટ બોક્ષ માં ના હોય તો Other સિલેક્ટ કરવું અને નીચેના ઓપન થયેલ બોક્ષમાં પોતાનું રાજ્ય, જીલ્લો, ગામ નાખવું .


- અરજદારે પોતાની માર્કશીટમાં જે માર્કશીટ ઈસ્યુ ડેટ હોય તે નાખવી.
- અરજદારે માર્કશીટ (100 KB to 500KB) પાસપોર્ટ સાઈઝ નો ફોટો (up to 100 KB) અને સહી (up to 100KB) સ્કેન કરી અપલોડ કરવાની રહેશે.

૭. ત્યાર બાદ કામચલાઉ પદવી પ્રમાણપત્ર કેવી રીતે મેળવવા ઈચ્છો છો તે સિલેક્ટ કરવું.




(ઈમેલ દ્વારા મેળવવા ઈચ્છતા હોય તો)
(પોસ્ટ દ્વારા મેળવવા ઈચ્છતા હોય તો)
(રૂબરૂ મેળવવા ઈચ્છતા હોય તો)

૮. ત્યારબાદ આપ કેવી રીતે ફી ચૂકવવા ઈચ્છો છો તે પ્રમાણે સિલેક્ટ કરવું.




(કેશ વિભાગ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,ખાતે ભરવા ઇચ્છતા હોયતો)
(ઓનલાઈન પેમેન્ટ ભરવા ઇચ્છતા હોયતો)

**( કેશ વિભાગ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,ખાતે ભરવા ઈચ્છતા હોય તો )**

૯. ઓનલાઈન કામચલાઉ પદવી પ્રમાણપત્ર મેળવવા અંગેનું ફોર્મ ભર્યા બાદ જે કોઈ વિધાર્થીએ રૂબરૂ કેશ વિભાગમાં ફી ભરવા ઈચ્છતાં હોય તેવ વિધાર્થીઓએ જાહેર રજાના દિવસો તથા દર મહિનાના પહેલા અને ત્રીજા શનિવાર સિવાય સવારે ૧૧:૦૦ થી બપોરે ૨:૦૦ સુધીના સમય દરમ્યાન કેશ વિભાગમાં રોકડાથી ફી જમા કરી શકશો\.

**અથવા**

**(Online Payment Gateway થી ફી ભરવા ઈચ્છતા હોય તો)**

૧૦. ઓનલાઈન કામચલાઉ પદવી પ્રમાણપત્ર મેળવવા અંગેનું ફોર્મ ભર્યા બાદ જે કોઈ વિધાર્થીએ Online Payment Gateway દ્વારા જો આપ Credit/ Debit Card અથવા Net Banking થી પૈસા ચૂકવા માંગતા હોયતો Online Payment Gateway નો ઓપશન સીલેક્ટ કરવો ત્યાર બાદ ફોર્મ ભર્યા બાદ ફોર્મ સબમીટ કરવું.

૧૧. ત્યાર બાદ નિયમો / સૂચનાઓ કાળજીપૂર્વક વાંચી Online Payment Gateway એ બટન પર ક્લીક કરો.



૧૨. **Online Payment Gateway** બાબતે તમારે જે વધારોનો ચાર્જ ચૂકવવાનો **થશે તેની વિગતો નીચે પ્રમાણે છે.**


- **જો તમે <u>ક્રેડિટ કાર્ડ</u> દ્વારા ચૂકવણી કરવાનુ પસંદ કરો તો, ચૂકવવાની થતી રકમ પર ૧.૩૫% વધારાનો ટેક્સ ચુકવવાનો રહેશે.**
- Payment by **<u>Credit Card</u>** will charge 1.35% Tax + transaction amount
- **જો તમે ડેબીટ કાર્ડ દ્વારા ચૂકવણી કરવાનુ પસંદ કરો તો, ચૂકવવાની થતી રકમ પર ૦.૭૫% વધારાનો ટેક્સ ચૂકવવાનો રહેશે.**
- Payment by **<u>Debit Card</u>** will charge 0.75% Tax + transaction amount
- **જો તમે <u>નેટ બેન્કિંગ</u> દ્વારા ચૂકવણી કરવાનુ પસંદ કરો તો, ચૂકવવાની થતી રકમ + વધારાના ૧૫ રૂપિયા ચૂકવવાના રહેશે.**
- Payment by **<u>Net Banking</u>** than flat 15 Rs. charge will be applied per transaction

**સુચના:** એક વખત ચુકવણી થઇ ગયા પછી કોઈ પણ સંજોગોમાં ચુકવેલી રકમ પરત આપવામાં નહિ આવે.

**Note:** **Payment made once will not be refunded in any circumstances.**

૧૩. **Online Payment Gateway** દ્વારા Payment અંગેની પ્રક્રિયા પુર્ણ થયા બાદ તેમની Payment Acknowledgment Slip પ્રીન્ટ થશે જે આપના રેકોર્ડમાં રાખવી ખાસ જરૂરી છે.

૧૪. ત્યારબાદ જે ગામ/શહેર થી ફોર્મ ભર્યુ હોય તેનું નામ લખવાનું રહેશે. અરજદારે બધી માહિતી ફરીથી ચકાસીને SubmitApplication ઉપર ક્લીક કરવાનું રહેશે.




૧૫. આ સાથે ભરેલ ફોર્મ નો નમૂનો જોડેલ છે તમોને ફોર્મ ભરવામાં મદદ રૂપ થશે.

૧૬. ફોર્મ સબમીટ કરશો ત્યારે તમને તમારો User name અને password screen પર જોવા મળશે જે તમે નોંધી લેશો જેથી ભવિષ્યમાં તમે તેનો ઉપયોગ કરી શકશો આ ઉપરાંત પણ આપને મોબાઈલ પર SMS દ્વારા user name and password પણ મળી જશે.

૧૭. ફોર્મ સબમીટ થયા બાદ તમે ભરેલ Application Form અને Payment Receipt ની પ્રિન્ટ કાઢી લો.

૧૮. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમા ફી ભર્યા બાદ અપાયેલ અસલ પહોચને સ્કેન કર્યા બાદ ઓન લાઈન User name અને password ની મદદથી Login કરી અપલોડ કરવાનું રહેશે.

# ઓનલાઇનભરેલ ફોર્મનો નમુનો

**Saurashtra University**

RE-ACCREDITED GRADE 'B' BY NAAC (CGPA 2.93)

EXAMINATION SECTION (DEGREE)

Home | Instructions | Rules & Regulations | About Us | Contact Us

**નોંધ:** નીચેના નામની વિગત અંગ્રેજી કેપીટલ અક્ષરમાં માર્કશીટ મુજબ લખવી.

Please fill form as per marksheet in CAPITAL letters only.

Submit Application
આવેદન પત્રક સબમીટ કરવા અહીં ક્લીક કરો

| Surname* | Name* | Father's / Husband's Name* | Mother's Name * |
|---|---|---|---|
| GOSAI | JAYESH | RAMGAR | GITABEN |

1. શાખા / Faculty*: Commerce Faculty
2. પસાર કરેલ પદવી પરીક્ષા નુ નામ/ Name of Degree Exam Passed*: M.Com. External
3. બેઠક ક્રમાંક / Seat No.*: 81881
4. પ્રથમ વખત / બીજી વખત પદવી મેળવવા ઇચ્છું છુ./ I apply for first/second degree*: ☑ First ☐ Second
5. પાસ કર્યા નુ વર્ષ ( માર્કશીટ મુજબ )/ Year of Passing* (As per marksheet): MAY 2014
6. પુરૂષ / સ્ત્રી | Male / Female*: ☑ Male ☐ Female
7. જાતી / Category*: SEBC
9. ફોન નંબર/Phone Number:
10. મોબાઈલ નંબર/Mobile Number*: 4545454545
   ☑ હું મને SMS મોકલવા માટે મારી સહમતિ આપુ છું. I give my consent to send me SMS.
11. ઈ-મેઈલ/Email: su.degree5@gmail.com
12. મેળવેલ વર્ગ/Class Obtained*: First Class With Distinction
13. મુખ્ય / વૈકલ્પિક વિષય / Special / Optional Subject*: ADVANCE MANAGEMENT ACCO

Have you applied for degree certificate ? ☐


1. Want to get certificate by*: Personally From University
2. Payment method*: I Will pay at University Cash count

**DECLARATION**

Place* RAJKOT Date 31/07/2014

**Upload Signature**

(Maximum upload size: 100KB)



Click on image to view original image.

Enter Security Code:*

300335 300335

Submit Application
આવેદન પત્રક સબમીટ કરવા અહીં ક્લીક કરો

# અરજદાર ને ક્યારે શું કરવું તે અંગેનું ચિત્રાત્મક માર્ગદર્શન

1

- Internet માધ્યમ દ્વારા વેબસાઈટ પર જઈ સૂચનાઓ તથા નિયમો ધ્યાને લઈ ચોકસાઈપૂર્વક ફોર્મ ભરવું.

2

- ફોર્મ, તમામ બિડાણો અને ચલણને પ્રિન્ટ કરવું.

3

- Online Payment Gateway દ્વારા જો આપ Cradit/Debit Card અથવા Net Banking ના માધ્યમ દ્વારા ફી ભરવી અથવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેશ વિભાગ ખાતે ભરવા ઈચ્છતા હોય તો કેશ કાઉન્ટર પર ફી ભરી શકાય.

4

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ફી ભરેલ હોયતો તે નકલ ઓનલાઈન અપલોડ કરવાની રહેશે.

5

- **Email** દ્વારા અથવા
- પોસ્ટ દ્વારા અથવા
- રૂબરૂ કામચલાઉ પદવી પ્રમાણપત્ર મેળવી શકાશો.